# સ્ત્રી સર્જકોની આત્મકથા પર યોજાશે પરિસંવાદ

## સાહિત્ય અકાદમી, કચ્છ યુનિ. અને સરોજબેન વૈષ્ણવ ટ્રસ્ટ દ્વારા ૧૫મીએ આયોજન

ભુજ, તા. ૪ : સાહિત્ય અકાદમી, ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી અને સરોજબેન વૈષ્ણવ સ્મારક ટ્રસ્ટ-અંજાર દ્વારા આગામી ગુરુવાર તા. ૧૫ સપ્ટેમ્બરના 'ગુજરાતી આત્મકથા-સ્ત્રી સર્જક વિશેષ' પર સાહિત્ય પરિસંવાદનું આયોજન કરાયું છે.

યુનિવર્સિટીના કોર્ટ હોલ ખાતે સવારે ૧૦.૩૦ વાગ્યે યોજાનારા આ પરિસંવાદના ઉદ્‌ઘાટન સત્રમાં સાહિત્ય અકાદમી મુંબઇના કાર્યક્રમ અધિકારી ઓમપ્રકાશ નાગરના સ્વાગત વક્તવ્ય બાદ અકાદમીના સભ્ય દર્શનાબેન ધોળકિયા, અકાદમીના સંયોજક વિનોદ જોષી, સાહિત્યકાર સતીશ વ્યાસનું વક્તવ્ય યોજાશે.

યુનિ.ના કુલપતિ ડો. જયરાજસિંહ જાડેજા અધ્યક્ષીય પ્રવચન આપશે. કુલસચિવ ઘનશ્યામ બુટાણી આભારવિધિ કરશે.

સવારે ૧૧.૩૦થી યોજાનારા પહેલા સત્રના અધ્યક્ષ પદે ધીરેન્દ્ર મહેતા, બીજા સત્રના અધ્યક્ષ પદે વિનોદ જોશી અને ત્રીજા સત્રના અધ્યક્ષ પદે રંજના હરીશ રહેશે.

પરિસંવાદમાં બકુલા ઘાસવાલા, વૈશાલી ધોળકિયા, પારૂલ દેસાઇ, વર્ષા પાઠક, સોનલ પરીખ, મિત્તલ ચૌહાણ, ઉત્પલ પટેલ, રમજાન હસણિયા, આશા વીરેન્દ્ર અલગ અલગ વિષયે વક્તવ્ય આપશે. પરિસંવાદના અંતે સ્મારક ટ્રસ્ટના પ્રમુખ ગજેન્દ્ર અંતાણી આભારવિધિ કરશે.

# આત્મકથા એટલે સર્જકનું કબુલાતનામું

## ભુજમાં ગુજરાતી આત્મકથા સ્ત્રી સર્જક વિશે રાષ્ટ્રીય કક્ષાનો પરિસંવાદ યોજાયો

ભુજ, તા. ૧૭ : સાહિત્ય અકાદમી મુંબઇ, ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી ગુજરાતી વિભાગ અને સરોજબેન જે. વેષ્ણવ સ્મારક ટ્રસ્ટ, અંજારના સંયુક્ત ઉપક્રમે 'ગુજરાતી આત્મકથા સ્ત્રી સર્જક વિશે' રાષ્ટ્રીય કક્ષાના એક દિવસીય પરિસંવાદનું ભુજ મધ્યે આયોજન કરાયું હતું.

ઉદ્ઘાટન સત્રમાં સાહિત્ય અકાદમીના કાર્યક્રમ અધિકારી ઓમ પ્રકાશ નાગરે બે વર્ષના લાંબા અંતરાલ પછી આ પ્રકારના આયોજન બદલ આનંદ વ્યક્ત કર્યો હતો. કચ્છ યુનિ. ગુજરાતી વિભાગના અધ્યક્ષા ડૉ. દર્શના ધોળકિયાએ આત્મકથા લેખન, વાચનનો રસ પોતામાં કેવી રીતે વધતો ગયો એની વિગતે વાત કરી હતી.

આત્મકથામાં સ્ત્રી જ્યારે નિરીક્ષણ કરે છે ત્યારે દ્રષ્ટિકોણ બદલાઇ જતો હોવાનું કહ્યું હતું. સાહિત્ય અકાદમી ગુજરાતીના કન્વીનર ડૉ. વિનોદ જોશીએ આ પરિસંવાદને નારી કેન્દ્રી ઉપરાંત વ્યક્તિ કેન્દ્રી તરીકે ઓળખાવ્યો હતો. બીજરૂપ વક્તવ્યમાં ડૉ. સતીષ વ્યાસે જાતને જોવાનો ઉપક્રમ ગણાવ્યો હતો. આત્મકથાને કબૂલાતનામા તરીકે ઓળખાવી હતી.

આત્મકથા ક્યારે પૂર્ણ થતી જ નથી સ્મૃતિકોષોના વિકાસ પછી લખાયેલી આત્મકથા ઉત્તમ સાબીત થાય છે.



પરિસંવાદનો પ્રારંભ કરાવતા આયોજક સંસ્થાના અગ્રણીઓ.

ઉદ્ઘાટન બેઠકની આભારવિધિ મેહુલ પટેલે કરી હતી.

પરિસંવાદની પ્રથમ બેઠકના અધ્યક્ષ ડૉ. ધીરેન્દ્ર મહેતા રહ્યા હતા. વક્તા ભકુલા ઘાસવાલાએ શારદા મહેતા કૃત 'જીવન સંભારણા' વિશે વાત કરી હતી. વક્તવ્યમાં શારદા મહેતાના આંતરિક અને બાહ્ય જીવનની વાત તેમણે કરી હતી.

બીજા વક્તા વૈશાલી ધોળકિયાએ વર્ષા અડાલજા કૃત 'પગલું માંડું હું અવકાશમાં' વિશે વક્તવ્ય આપતાં નોંધ્યું કે, પિતા ગુણવંતરાયનો નીડર વારસો તેમની આત્મકથામાં અનુભવાય છે.

બેઠકના ત્રીજા વક્તા પારુલ દેસાઇએ હિમાંશી શેલત કૃત આત્મકથા 'મુક્તિવૃત્તાંત' વિશે કહ્યું કે હિમાંશીબેન મોકળાશપૂર્વક આત્મકથામાં પ્રગટ થાય છે. અધ્યક્ષીય વક્તવ્યમાં ડૉ. ધીરેન્દ્ર મહેતાએ ઉમેર્યું હતું કે 'જીવન સંભારણામાં' સ્મરણોની સાચવણી છે.

દ્વિતીય બેઠકના અધ્યક્ષ ડૉ. વિનોદ જોશી રહ્યા હતા. સોનલ પરીખે કુસુમબેન પટેલની 'મારી જીવન સ્મૃતિ' અને કમળાબેન પરીખની 'શૈશવથી સંધ્યા સુધી' વિશે વાત કરી હતી. તો મિનલ ચૌહાણે નર્મદાબેન પાઠકની 'વિદાયનું મિલન' અને કાશીબેન મહેતાની 'મારી અભિનય દીક્ષા' વિશે વિગત વાત કરી હતી.

તૃતીય બેઠકના અધ્યક્ષ રંજના હરીશ રહ્યાં પ્રથમ વક્તા ઉત્પલ પટેલે કહ્યું હતું મીરા ભટ્ટ કૃત 'મિલે સૂર મેરા તુમ્હારા' જીવનનું વાસ્તવ છે. રમજાન હસણિયાએ દેવયાની દવેની 'હવે સ્પર્શનું સ્મરણ છું હું', અને જશીબેન નાયકની સ્મરણયાત્રા' વિશે વાત કરી હતી. આશાબેન, દર્શના ધોળકિયા કૃત 'ઓટલા દાવ' વિશે કહ્યું કે આ સમર્પણની કથા છે.

અધ્યક્ષ રંજના હરીશે આત્મકથામાં 'આત્મા' છે જ નહીં એ રીતે સંસ્મરણોના રૂપમાં સૌએ ઓળી આપી એનો આનંદ વ્યક્ત કર્યો હતો. આભારવિધિ સરોજબેન વેષ્ણવ ટ્રસ્ટ વતી ડૉ. મનોજ છાયાએ કરી હતી. કાર્યક્રમ રમણીક સોમેશ્વર, હરેશ ધોળકિયા, ઝવેરીલાલ સોનેજી, ગૌતમ જોશી, ડૉ. કાશ્મીરા મહેતા, ડૉ. કશ્યપ ત્રિવેદી, પૂજા સોની, ડૉ. ફાલ્ગુની પોમલ, ડૉ. ચૈતાલી ઠક્કર, ડૉ. કાન્ત માલસતર તથા તમામ કોલેજના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ જોડાયા હતા.